
# અહિંસાની યાત્રા

[ભગવાન મહાવીરથી મહાત્મા ગાંધી સુધી]

કુમારપાળ દેસાઈ



શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ

સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ જૈનદર્શન શ્રેણી

# અહિંસાની યાત્રા

[ભગવાન મહાવીરથી મહાત્મા ગાંધી સુધી]

કુમારપાળ દેસાઈ

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ
અમદાવાદ – ૩૮૦ ૦૦૭
એપ્રિલ, ૨૦૦૨

# પ્રકાશકીય

જૈન ધર્મના સિદ્ધાંતોને સરળ રીતે, લોકભોગ્ય શૈલીમાં અને પ્રમાણભૂતતાથી રજૂ કરવાનો ઉપક્રમ સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ જૈનદર્શન શ્રેણીમાં રાખ્યો છે. સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહે પાંચ નવલકથા, નવલિકા, ચરિત્ર અને અન્ય સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યું હતું. અમદાવાદમાં યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાના તેઓ મુખ્ય સૂત્રધાર હતા. પ્રસંગોપાત્ત અખબારોમાં તેઓ જૈનદર્શનના કોઈ વિષયને લઈને લેખમાળા લખતા હતા. આથી એમની સ્મૃતિ જાળવવા માટે શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટે સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ જૈનદર્શન શ્રેણી પ્રગટ કરવાનું નક્કી કર્યું છે.

શ્રી ધીરજલાલ ધ. શાહ લિખિત 'ભગવાન મહાવીર' તથા તેના ઉપક્રમે 'નમસ્કાર મહામંત્ર' અને 'ક્ષમાપના'ની પુસ્તિકાઓ પ્રગટ થઈ ચૂકી છે. એ સંદર્ભમાં અને વિશેષે તો ભગવાન મહાવીર સ્વામીના ૨૬૦૦મા જન્મકલ્યાણક નિમિત્તે 'અહિંસાની યાત્રા' પુસ્તિકા પ્રગટ થાય છે. આજના ભય, આતંક અને ત્રાસવાદથી ગ્રસિત વિશ્વને અહિંસાના માર્ગે ચાલવાની અનિવાર્ય આવશ્યકતા જાગી છે, ત્યારે આ પુસ્તિકા ઉપયોગી બનશે.

• પ્રકાશક •

એક સમયે વિશ્વ સમક્ષ બે વિકલ્પ હતા : હિંસા અને અહિંસા. આજે વિશ્વની સામે બે વિકલ્પ છે કાં તો અહિંસાનો માર્ગ અપનાવવો અથવા તો પોતાના અસ્તિત્વનો નાશ. માનવજાતિ આજે બીજા વિકલ્પ તરફ દોડી રહી હોય તેવું લાગે છે. માનવી આજે હિંસાના શિખર પર બેઠો છે ત્યારે એના સમગ્ર અસ્તિત્વ સામે પ્રશ્ન ઊભો થયો છે. એક બાજુ વૈશ્વિક સ્તરે આતંકવાદનો પ્રશ્ન અને રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની લોહિયાળ દુશ્મનાવટ છે. બીજી બાજુ સમાજમાં અને ગૃહજીવનમાં હિંસા વધુ ને વધુ ઊપસી રહી છે. ત્રીજી હકીકત એ છે કે માનવીમાં વ્યક્તિગત રીતે હિંસાની વૃત્તિ બહેકી ગઈ છે. નિશાળમાં ભણતો વિદ્યાર્થી પોતાના સાથીની હત્યા કરતા અચકાતો નથી. માણસ બીજી જાતિ, કોમ કે રંગના માણસને નિર્દયતાથી મારી નાખે છે. હત્યાનો સિલસિલો વ્યક્તિગત રૂપે અને સમાજમાં સતત ચાલી રહ્યો છે.



ભારતીય શાસ્ત્રોમાં ભસ્માસુરની કથા આવે છે. કલ્યાણસ્વરૂપ એવા શિવને આ ભસ્માસુર તપ કરીને પ્રસન્ન કરે છે. પ્રસન્ન થયેલા શિવ એને વરદાન માગવાનું કહે છે તો ભસ્માસુર એવું વરદાન માગે છે કે જેને એ સ્પર્શ કરે તે ભસ્મીભૂત થઈ જાય. ભોળા શિવ એને આ શક્તિ આપે છે. આ શક્તિની બીજે ક્યાંય કસોટી કરવાને બદલે ભસ્માસુર શિવ પર અજમાવવા જાય છે. શિવ દોડે છે. આનો અર્થ જ એ કે જ્યારે હિંસા જાગે ત્યારે કલ્યાણને ભાગવું પડે છે. કથા આગળ એમ કહે છે કે ભસ્માસુરનો નાશ કરવા માટે વિષ્ણુ મોહિની સ્વરૂપ ધારણ કરે છે. મોહિની સ્વરૂપથી મોહ પામેલો ભસ્માસુર નૃત્ય કરતાં પોતાનો

હાથ પોતાના જ માથા પર મૂકે છે અને ભસ્મીભૂત થઈ જાય છે, અર્થાત્ વકરેલી હિંસા અંતે પોતાને જ ભસ્મીભૂત કરે છે. આ જગતમાં ભગવાન મહાવીરથી શરૂ થયેલી એ અહિંસા યાત્રાનો વિચાર કરીએ જે યાત્રાએ માનવીને વિશ્વમાનવ જ થવાનો નહીં, બલ્કે વિરાટ સૃષ્ટિના માનવ બનવાનો આલેખ આપ્યો. એ અહિંસાએ માત્ર 'જીવો અને જીવવા દો'ની વાત કરી નથી, પરંતુ સમગ્ર જીવન પ્રત્યેના સમષ્ટિના માનવ, પશુ-પંખી અને પ્રકૃતિ સુધીના આત્મોપમ્યની વાત કરી છે. આજથી અઢી હજાર વર્ષ પૂર્વે ભગવાન મહાવીરે કહ્યું,

तुंगं न मंदराओ, आगासाओ किसाभयं नत्थि ।
जह तह जयंमि जाणसु, धम्ममहिंसासमं नत्थि ।।

(મેરુ પર્વતથી ઊંચું અને આકાશથી વિશાળ જગતમાં કશું નથી, તેવી જ રીતે અહિંસા સમાન જગતમાં બીજો કોઈ ધર્મ નથી.)



ભગવાન મહાવીરના એ સમયનું સ્મરણ કરીએ. એ સમયે યજ્ઞોની ભડભડતી જ્વાળામાં અનેક અબોલ જીવોનો બલિ ચડાવવામાં આવતો હતો. હજારો મૂક પશુઓ યજ્ઞની વેદી પર પોતાનો પ્રાણ ગુમાવતા હતા અને પશુઓને હણનાર એમ માનતો કે આવી પશુહિંસાથી એને સ્વર્ગપ્રાપ્તિ થશે. જેટલી વધુ પશુહિંસા, એટલો એ યજ્ઞ વિશેષ ગૌરવશાળી અને વધુ પુણ્યદાયી. એ સમયે રાજાઓ પોતાની અંગત, સ્વાર્થયુક્ત અને તુચ્છ-ક્ષુદ્ર લાલસાની તૃપ્તિ માટે વારંવાર સમરાંગણો જગાવી દેતા. જો વિજય મળશે તો શત્રુનાં ધન, સમૃદ્ધિ અને સ્ત્રીઓ પામશે અને જો સમરાંગણમાં કદાચ વીરગતિ પામશે તો સ્વર્ગ અને એ સ્વર્ગમાં દેવકન્યાઓ પ્રાપ્ત થશે. આવી

હિંસાને કારણે હજારો સ્ત્રીઓનાં સૌભાગ્ય તિલક ભૂંસાતા હતાં અને હજારો નિર્દોષ બાળકો અનાથ બની જતાં હતાં. ચોતરફ યુદ્ધનો ઉન્માદ, રક્તપાત અને પ્રાણીહત્યા જોવા મળતાં હતાં ત્યારે ભગવાન મહાવીરે કહ્યું, તમે જેને જીવન આપી શકતા નથી, એને મારવાનો તમને કોઈ અધિકાર નથી. આવી હિંસા વધુ હિંસા જગાડે છે અને વેર આખરે તો વેરમાં વૃદ્ધિ કરે છે, આથી જ અહિંસા એ પરમ ધર્મ છે અને હિંસા એ સર્વ પાપ અને દુઃખનું મૂળ છે.

ભગવાન મહાવીરે પોતાના સમયના રાજાઓને યુદ્ધને બદલે શાંતિનો ઉપદેશ આપ્યો. મહાવીરની અહિંસા એ મનુષ્ય પૂરતી જ મર્યાદિત નહોતી, પરંતુ પ્રાણીમાત્રને તથા પ્રકૃતિ સહિત સમગ્ર સૃષ્ટિને આવરી લેનારી હતી. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે ‘આમ્રાણુલૈ નમ્રાષુ’ ‘સર્વ પ્રાણીઓને આત્મતુલ્ય માનો’. આમ તેઓ સર્વ જીવોને સમાન ગણે છે અને એમના પ્રત્યે આદર રાખવાનું કહે છે. જે પ્રાણી પ્રત્યે ક્રૂર થાય તે માનવ પ્રત્યે પણ ક્રૂર થઈ શકે. જેના હૃદયમાં ક્રૂરતા હશે પછી તે પ્રાણી હોય કે મનુષ્ય સહુ તરફ ક્રૂર વર્તન કરશે. જેના હૃદયમાં કરુણા હશે તે મનુષ્ય, પ્રાણી, પ્રકૃતિ સર્વ પ્રત્યે કરુણાપૂર્ણ વર્તન કરશે. આમ, હિંસા એ બાહ્ય આચરણ નથી, પરંતુ આંતરિક દુર્વૃત્તિ છે.



આ સંદર્ભમાં ભગવાન મહાવીરે એક બીજો વિચાર પણ આપ્યો. જીવ આજે એક યોનિમાં હોય તો પછીના જન્મમાં બીજી યોનિમાં પણ હોય. આજે માખી હોય તો પછીના ભવમાં મનુષ્ય પણ હોય. આવું હોવાથી મનુષ્યને મનુષ્યેતર પ્રાણી-સૃષ્ટિને પણ દુઃખ આપવાનો અધિકાર નથી. જગતનાં સર્વ પ્રાણીઓ પ્રત્યે, પછી તે શત્રુ હોય કે મિત્ર,

સમભાવથી વર્તવું જોઈએ. માનવીના હૃદયનો આ સમભાવ કેવો હોવો જોઈએ તે દર્શાવતાં ભગવાન મહાવીરે આગમ-સૂત્રમાં કહ્યું, "જેને તું હણવા માગે છે તે તું જ છે, જેના પર તું શાસન કરવા માગે છે તે તું જ છે, જેને તું પરિતાપ ઉપજાવવા માગે છે તે તું જ છે, જેને તું મારી નાખવા માગે છે તે પણ તું જ છે, આમ જાણીને સમજુ માણસ કોઈને હણતો નથી, કોઈના પર શાસન ચલાવતો નથી કે કોઈને પરિતાપ આપતો નથી." 'પરસ્પરોપગ્રહો જીવાનામ્' અર્થાત્ જીવોનું જીવન એકબીજાના સહકારથી ચાલી શકે છે. ભગવાન મહાવીરે પ્રબોધેલી અહિંસા એ તાત્ત્વિક વિચારણા, વ્યાપક અનુભવ અને ઉદાત્ત ભાવનાનું પરિણામ છે. સર્વ જીવોની સમાનતાના સિદ્ધાંતમાંથી અહિંસાનો આવિષ્કાર થયો છે.



અહિંસાની ભાવનાની સૂક્ષ્મતા દર્શાવતાં ભગવાન મહાવીરે કહ્યું, "પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ સર્વમાં જીવ છે. તેમના અસ્તિત્વનો સ્વીકાર કરીએ." તેમના અસ્તિત્વનો ઇન્કાર એટલે સ્વયંના અસ્તિત્વનો અસ્વીકાર ગણાય. પોતાના અસ્તિત્વનો અસ્વીકાર કરનાર વ્યક્તિ જ આ સર્વ જીવોની ઉપસ્થિતિને નકારી શકે. સ્થાવર અને જંગમ, દૃશ્ય અને અદૃશ્ય તમામ જીવોનું અસ્તિત્વ સ્વીકારનાર વ્યક્તિ જ અહિંસક કહેવાય. આ અહિંસક વિચારણા જ આજના પર્યાવરણનો પાયો ગણી શકાય. હિંસા કરવાના વિચારથી જ કર્મબંધ થાય છે. અસત્ય વાણી અને વર્તન એ પણ હિંસા છે. બીજાને આઘાત આપવો અથવા તો બીજાની હિંસક પ્રવૃત્તિને ટેકો આપવો એની અનુમોદના કરવી તે પણ સૂક્ષ્મ હિંસા છે. પ્રથમ વ્યક્તિના ચિત્તમાં વિચારમાં હિંસા આવે છે પછી તે

વાણી અને વર્તનમાં પ્રગટે છે. આથી કહેવાયું છે કે '*War is born in the mind of men.*' વિચાર, આચાર અને આહાર એ ત્રણેમાં અહિંસા પ્રગટવી જોઈએ. આ અહિંસાના સિદ્ધાંતમાંથી જ સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને અનેકાન્ત પ્રગટે છે.

પરિગ્રહ અને હિંસા એકબીજા સાથે જોડાયેલાં છે, આથી અપરિગ્રહ વગર અહિંસાપાલન અશક્ય છે. આથી જ ભગવાન મહાવીરે અહિંસા અને અપરિગ્રહને એક જ આસને બેસાડ્યાં છે. અપરિગ્રહ એ દરિદ્રતા નથી, પરંતુ અનાવશ્યક ભૌતિક સંપત્તિનો ત્યાગ છે. અપરિગ્રહ દ્વારા વિશ્વની આર્થિક સમતુલા પણ જળવાઈ રહે. આ આર્થિક લોભ ક્રૂરતાને પ્રેરે છે. આત્માનુભૂતિ વગર ક્રૂરતા દૂર થતી નથી. સમભાવ વગર કરુણાનો સ્રોત વહેતો નથી. અહિંસા એટલે મૃત્યુ પ્રત્યેની નિર્ભયતા. સંગમ નામના દેવે એક રાત્રિમાં ભગવાન મહાવીરની પરીક્ષા કરવા માટે વીસ જેટલા અનુકૂળ ને પ્રતિકૂળ વિકટ ઉપસર્ગો આપ્યા. છ-છ મહિના સુધી યોગી મહાવીરને ઉચિત ભિક્ષાન્ન મળ્યું નહીં. આત્માની અગ્નિ પરીક્ષામાં આખરે કાંચન શુદ્ધ નીવડ્યું. હારેલો સંગમ મહાવીરના ચરણમાં પડ્યો ત્યારે ભગવાન મહાવીરના લોચનના છેડે બે આંસુ હતાં. ભગવાન મહાવીરના સમગ્ર જીવનમાં માત્ર એક જ વાર આંસુ જોવા મળે છે અને તે એ માટે કે એમને થયું કે એમને પરેશાન કરવાના હેતુથી સંગમે કેટકેટલાં કર્મ બાંધ્યાં ! આનો અર્થ જ એ કે અહિંસક વ્યક્તિની કરુણાની ધારા શત્રુ તરફ પણ સમાનભાવે અવિરતપણે પ્રવાહિત હોય છે. શત્રુને શત્રુ તરીકે જોનાર વીર. શત્રુને મિત્રની આંખે જોનાર મહાવીર.



ભગવાન મહાવીરની અહિંસા દૃષ્ટિના બે આધારસ્થંભ છે : જીવનમાં અભય અને મૈત્રીનો વિકાસ. જીવનમાં અનાવશ્યક હિંસા વધી ગઈ છે.

**મહાવીરે કહ્યું હતું –**
**એસ ખલુ ગંથે – હિંસા ગ્રંથિ છે.**
**એસ ખલુ મોહે – એ મોહ છે.**
**એસ ખલુ મારે – એ મૃત્યુ છે**
**એસ ખલુ ણારએ – એ નરક છે.**
**તં સે અહિયાએ – હિંસા માણસ માટે હિતકારક નથી**
**તં સે અબોહીએ – તે બોધિનો વિનાશ કરનાર છે.**

ભગવાન મહાવીર અહિંસાની ભાવનાના માત્ર વ્યાખ્યાકાર નહોતા, બલ્કે તેના પ્રયોગવીર હતા. પોતાના જીવનને અહિંસાના સિદ્ધાંતની પ્રયોગભૂમિ બનાવ્યું. અહિંસાના પ્રયોગોને કારણે જ વર્ધમાનમાંથી મહાવીર બન્યા. જે દેહ તરફ અનાસક્ત હોય, એ જ અહિંસક થઈ શકે. અનેકવિધ કષ્ટો અને ઉપસર્ગોને અનાસક્ત ભાવે સહન કરીને દેહ તરફના મમત્વનો ત્યાગ કર્યો. આ દેહની અનાસક્તિને કારણે જ દીર્ઘ તપશ્ચર્યા દરમ્યાન આપેલા અનેક ઉપસર્ગો એમના ધ્યાનમાં અવરોધ કરી શક્યા નહીં. તેઓની ચેતના ધ્યાન-સમાધિમાં જ કેન્દ્રિત રહી. ધ્યાન-સમાધિમાં કેન્દ્રિત ચેતના ધરાવનાર ભગવાન મહાવીરની આંતરચેતનાને બાહ્ય કષ્ટનો અનુભવ થતો નહોતો, બલ્કે જીવનનાં કષ્ટોને તે હસતે મુખે સહન કરે છે. એમના જીવનમાં અપાર કષ્ટો આવ્યાં પણ તેઓ સહેજે વિચલિત ન થયા. આગની જ્વાળાઓ વચ્ચે સહેજે ડગ્યા નહીં.



વૈશાલી નગરી નજીક આવેલા મોરાક-

સંનિવેશમાં દુઇજ્જંત તાપસના આશ્રમમાં થયેલા અનુભવ પછી એમણે સંકલ્પ કર્યો કે કોઈને પણ અપ્રીતિ થાય તેવા સ્થળે રહેવું નહીં. અહિંસાનું આ કેટલું વિરાટ સ્વરૂપ છે ! પોતાની ઉપસ્થિતિ કોઈ રીતે કોઈને લેશમાત્ર ક્લેશદાયી બને નહીં તેવા વિચારને પરિણામે 'અભયદયાણં' ભગવાન મહાવીરને માટે ગાઢ જંગલો, અવાવરુ જગાઓ અને નિર્જન ખંડેરો જ રહેવાનાં સ્થાનો બન્યાં.

આ રીતે મહાવીર સ્વામીની અહિંસા એ કોઈ બાહ્યાચાર નથી, બલ્કે માનવીના જીવન સમગ્રને મનોરમ આકાર આપતી જીવનશૈલી છે. ભગવાન મહાવીરે પોતાની આ અહિંસાની વિચારધારાની આકરી કસોટી પણ કરી. ભગવાન મહાવીર એમના શિષ્ય ગોશાલક સાથે રાઢ નામના નિર્દયી અને હત્યારા લોકો વસતા હતા એવા પ્રદેશમાં જાય છે. અહીં માણસના શરીરના માંસના લોચા કાઢતા કૂતરાઓ હતા, પણ મહાવીરે કૂતરાઓને દૂર કરવા હાથમાં લાકડી લેવાનું પણ પસંદ કર્યું નહીં. જંગલી અને નિર્દય માણસોથી ભરેલા આ ભયાનક પ્રદેશમાં અહિંસા યાત્રા કરીને ભગવાન મહાવીરે હિંસાની આગ વચ્ચે અહિંસાનો સંદેશ ફેલાવ્યો.



ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશને લીધે વિશ્વને એક નવી વિચારધારા અને કાર્યપ્રણાલી મળી. અહિંસામૂલક આચારમાંથી સમતામૂલક જીવન-વ્યવહાર મળ્યો અને એમાંથી સમન્વયમૂલક ચિંતન જાગ્યું. સમન્વયમૂલક ચિંતનમાંથી સ્યાદ્વાદ્મૂલક વિચાર જાગ્યો. સ્યાદ્વાદમૂલક વિચારમાંથી અનેકાન્તમૂલક દર્શન જાગ્યું. અહિંસા એ સામાજિક જીવનનો આધાર, માનવીય ચેતનાનો આવિષ્કાર અને સહઅસ્તિત્વનો સંસ્કાર બની રહી.

આજે આપણે શા માટે અહિંસા વર્ષ ઊજવી રહ્યા છીએ ? કારણ એ છે કે માનવજાત આજે હિંસાના શિખરે બેઠી છે. હિંસા તો ખુદ મહાવીરના સમયમાં હતી, પરંતુ એ સમયની અને આજની પરિસ્થિતિમાં તફાવત છે. ભગવાન મહાવીર જન્મ્યા એ યુગ પાસે માત્ર હિંસા હતી, તેનો કોઈ વિકલ્પ નહોતો. જ્યારે આજે વર્તમાન યુગ પાસે અહિંસાની ભાવના છે. એમાં સફળ પ્રયોગોનો ઇતિહાસ છે, તેમ છતાં વર્તમાન સમસ્યાઓના ઉકેલ માટે હિંસાનો જ આશરો લેવાય છે. વર્તમાન યુગની વિચારધારામાં રહેલી વૈચારિક વિકૃતિ અને દાર્શનિક વિકૃતિ આજે સર્વત્ર જાગેલા હિંસાના તાંડવમાં જોઈએ છીએ, ત્યારે આજે અહિંસાની વિશેષ જરૂર છે. આપણા જીવનની કે સમાજની સમસ્યાઓ, વ્યક્તિગત જીવન, સામાજિક સુવ્યવસ્થા, રાષ્ટ્રની પ્રગતિ અને વિશ્વની શાંતિ સામેની સમસ્યાનો વિકલ્પ અહિંસા છે એ વાત વિસરાતી જાય છે. હિંસાની ભાષા, આક્રમક મનોવલણો અને હિંસક કૃત્યો જોવા મળે છે. માનવચિત્તથી માંડીને વૈશ્વિક પ્રશ્નોના ઉકેલ રૂપે બંદૂકની ગોળીને જોવામાં આવે છે. આપણી ભ્રામક કલ્પનાઓ અને ભૂલભરેલા ઉપક્રમોમાં પરિવર્તન લાવવા માટે ~~આજથી ૨૬૦૦ વર્ષ~~ પહેલાં હતી તેનાથી વિશેષ આવશ્યકતા ભગવાન મહાવીરની અહિંસાની આજના વિશ્વને છે.



પ્રાગૈતિહાસિક કાળમાં જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવે ગુજરાતમાં આવેલા શત્રુંજય તીર્થ પરથી અહિંસાનો ઉપદેશ આપ્યો હતો. એમણે આ ઉપદેશ શત્રુંજય તીર્થ પર આવેલા રાયણ વૃક્ષ નીચે બેસીને આપ્યો હતો. એ અર્થમાં જૈન ધર્મનું પ્રથમ મંદિર એ વૃક્ષમંદિર છે. એ પછી બાવીસમા તીર્થંકર જેઓ સમુદ્રવિજય રાજાના પુત્ર રાજકુમાર

અરિષ્ટનેમિ હતા, તેમનાં લગ્ન મથુરા નગરીના ઉગ્રસેન રાજાની રાજકુમારી રાજિમતી સાથે યોજાયાં હતાં. લગ્ન માટે આવેલા અરિષ્ટનેમિ પશુઓના ચિત્કાર સાંભળે છે. રથના સારથિને પૂછતાં ખ્યાલ આવે છે કે આ પશુઓ એમના લગ્ન માટેના ભોજનસમારંભ માટે લાવવામાં આવ્યા છે. પોતાના આનંદ માટે આટલાં બધાં પશુઓની હત્યા ? આમ વિચારી રાજકુમાર અરિષ્ટનેમિ લગ્ન કર્યા વિના પાછા ફરી જાય છે. રાજકુમાર અરિષ્ટનેમિ જૈન ધર્મના બાવીસમા તીર્થંકર નેમિનાથ બન્યા. રાજકુમાર પાર્શ્વે કમઠ તાપસના યજ્ઞની ધૂણીમાં પડેલા લાકડામાં રહેલા સર્પને કાઢી બતાવ્યો અને એ રીતે એમણે પ્રાણીઓ પ્રત્યેના અહિંસાના ભાવની સમજણ આપી. આ પાર્શ્વકુમાર જૈન ધર્મના તેવીસમા તીર્થંકર બન્યા. આમ અહિંસાની પરંપરા છેક આદિ તીર્થંકર ઋષભદેવના સમયથી ચાલી આવતી હતી.

ભગવાન મહાવીરના સમયમાં સમ્રાટ શ્રેણિકે રાજ્યમાં અ-વધ એટલે કે કોઈને મારવું નહીં તેવી ઘોષણા કરી હતી. સ્ત્રીઓએ પણ યુદ્ધ અટકાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. રાણી મૃગાવતીએ ભગવાન મહાવીરને વિનંતી કરી યુદ્ધ અટકાવ્યું હતું.



ભરતખંડના સુદર્શનપુરના રાજા ચંદ્રયથા અને મિથિલાના રાજવી નમિકુમાર એકબીજા સામે યુદ્ધે ચડ્યા હતા ત્યારે યુદ્ધભૂમિ પર મદનરેખાએ એમને ધર્મોપદેશ આપીને યુદ્ધનો મહાસંહાર અટકાવ્યો હતો.

કલિંગના યુદ્ધ પછી યુદ્ધની વ્યર્થતા અને અહિંસાની મહત્તાનો અનુભવ સમ્રાટ અશોકને થતાં એણે બીજાં રાજ્યો સાથે અહિંસાના સિદ્ધાંત પર આધારિત સંબંધો સર્જ્યા હતા. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના

યુદ્ધને દૂર કરવાના કાર્યમાં એણે સફળતા મેળવી હતી. એની સહિષ્ણુતામૂલક અને સમન્વયવાદી વિચારધારાની પાછળ અહિંસાની ભાવના હતી, આથી જ એમણે બાર્બરાની ગુફાઓ બૌદ્ધ ધર્મના મુખ્ય પ્રતિસ્પર્ધી આજીવક સંપ્રદાયને અર્પણ કરી હતી.

સમ્રાટ અશોકના શિલાલેખો ભારતવર્ષમાં ઠેર ઠેર કોતરવામાં આવ્યા, જેમાં અશોકે માણસ અને પ્રાણી માટે કરેલા ચિકિત્સાના પ્રબંધની વાત છે. વળી જે ઔષધિઓ અને ફળો માણસો અને પ્રાણીઓ માટે મળતાં નહોતાં તે બહારથી મંગાવીને પોતાના રાજ્યમાં એના છોડ રોપે છે. માણસો અને પશુઓને રસ્તામાં આરામ કરવા વૃક્ષ વાવે છે અને કૂવા ખોદાવે છે.



વિક્રમ સંવત પૂર્વે ૧૮૬માં એણે જીવરક્ષા માટે મહત્ત્વના નિયમો બનાવ્યા હતા અને કોઈ પણ જાતિ કે વર્ણની વ્યક્તિ નિયમભંગ કરે તો એને સખત દંડ આપવામાં આવતો હતો. એના સમગ્ર સામ્રાજ્યમાં પ્રાણીવધ પર પ્રતિબંધ હતો. જે પશુઓનું માંસ ભોજનમાં લેવાતું હતું તે પશુઓના વધ અંગે પણ કડક નિયમો બનાવ્યા, જેથી અંધાધૂંધ રીતે થતી પશુહત્યા અટકી જાય. વર્ષમાં છપ્પન દિવસ તો પશુવધની મનાઈ હતી. આની દેખરેખ માટે જુદા જુદા રાજ્યાધિકારીઓની પણ નિમણૂક કરી હતી. હિંસાની ભાવના પલટાઈને અહિંસામાં પરિવર્તિત થાય ત્યારે વિશ્વમાં કલ્યાણકારી પરિવર્તન થાય છે.

સમ્રાટ અશોકના પૌત્ર સંપ્રતિની બાબતમાં એવું બન્યું. જગતના સર્વકાલીન મહાન રાજવીઓમાં ગૌરવભર્યું સ્થાન ધરાવે છે. યુદ્ધમાં વિજયી બનેલા મહારાજ સંપ્રતિના ચહેરા પર વિજયના આનંદનો

ભાવ ઊછળતો હતો ત્યારે એની માતાના ચહેરા પર ઘોર વિષાદ અને નિરાશા છવાયેલાં હતાં. એની માતાએ કહ્યું કે આવો મહાસંહાર કરવાને બદલે માનવમન પાવન કરે તેવાં મંદિરોની રચના કરી હોત તો મને વેદનાને બદલે પ્રસન્નતા થાત. યુદ્ધનો રક્તપાત છોડીને સમ્રાટ સંપ્રતિએ અનેક જિનમંદિરો બનાવીને માતાની ભાવના સાર્થક કરી.

આચાર્ય હરિભદ્રસૂરિ પોતાના શિષ્યોની હત્યા થતા ક્રોધના આવેશમાં વિરોધી ગુરુ અને શિષ્યોનો નાશ કરવાનો વિચાર કરતા હતા. ૧,૪૪૪ માણસોની હિંસા કરવા ઉત્સુક બન્યા હતા ત્યારે સાધ્વી યાકિની મહત્તરાએ એમને આવું હિંસક કાર્ય કરતા અટકાવ્યા. આચાર્ય હરિભદ્રસૂરિનો ક્રોધ ક્ષમામાં પરિવર્તન પામ્યો અને વેર વિદ્યામાં પલટાઈ ગયું. પરિણામે ૧,૪૪૪ માણસોની હત્યા કરવાને બદલે એમણે ૧,૪૪૪ ગ્રંથોની રચના કરી. એ ગ્રંથોમાં રહેલી વિવિધ દર્શનોની સમન્વયની ભાવના મોગલ સમયના અબુલ ફઝલ જેવા ઇતિહાસકારોને પણ આકર્ષી ગઈ હતી.



ઈ. સ. ૧૫૪૨ની ૨૩મી તારીખે જન્મેલા મોગલ શહેનશાહ અકબરે અહિંસાની બાબતમાં ઘણાં કાર્યો કર્યાં. એને જૈન ધર્મની અહિંસાનો પરિચય વિશિષ્ટ સંજોગોમાં થયો. ચંપા નામની શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યા હતા, તે અંગેનો વરઘોડો જોઈને અકબરને જિજ્ઞાસા જાગી. પહેલાં તો એણે સ્વીકાર્યું નહીં કે કોઈ પણ વ્યક્તિ કશાય અન્ન વિના માત્ર ઉકાળેલું પાણી પીને છ મહિના સુધી રહી શકે. એમણે ચંપા શ્રાવિકાની તપશ્ચર્યાની કસોટી કરી અને તેમાં ચંપા શ્રાવિકા સફળ થતાં શહેનશાહ અકબરને જૈન ધર્મ વિશે અને તેમના ગુરુ વિશે જાણવાની જિજ્ઞાસા જાગી. શહેનશાહ અકબરે આચાર્યશ્રી

હીરવિજયસૂરીશ્વરજીને પધારવા માટે વિનંતી કરી. આચાર્ય શ્રી હીરવિજયસૂરિ વિક્રમ સંવત ૧૬૩૮ના માગશર સુદ સાતમના દિવસે ગંધાર બંદરેથી નીકળ્યા અને વિક્રમ સંવત ૧૬૩૯ના જેઠ વદ ૧૩ને શુક્રવારે ફતેહપુર સિક્રી પહોંચ્યા.

શહેનશાહ અકબરે સૂરિજીને આવતા જોઈને સિંહાસનેથી ઊતરીને સામે ચાલીને પ્રણામ કર્યા. અકબરના ત્રણે રાજકુમારો શેખ સલીમ, મુરાદ અને ધનિયાલે પણ નમસ્કાર કર્યા. આ સમયે ફતેહપુર સિક્રીના શાહી મહેલમાં કીમતી ગાલીચા બિછાવેલા હતા. સૂરિજીએ તેના પર ચાલવાની ના પાડી. અકબરને આશ્ચર્ય થયું. હીરવિજયસૂરિએ કહ્યું કે વસ્ત્રથી ઢાંકેલી જમીન પર પગ મૂકવાનો જૈન મુનિઓ માટે નિષેધ છે, કારણ કે કદાચ એની નીચે કીડી કે કોઈ જીવજંતુ હોય તો તે કચડાઈ જાય. અકબરે ગાલીચો ઉપડાવ્યો તો નીચે સેંકડો કીડી-મંકોડા હતાં. જીવજંતુ પ્રત્યે આટલી બધી દયાભાવના જોઈ અકબર આશ્ચર્યચકિત થયો.



શહેનશાહ અકબરે જાણ્યું કે સૂરિજી ૫૬ વર્ષની વયે પાદવિહાર કરીને આવ્યા છે, તેથી વિશેષ આશ્ચર્ય થયું અને શહેનશાહ અકબરે ઉપકારનો ભાર હળવો કરવા સોનું-ચાંદી સ્વીકારવાની વાત કરી, ત્યારે આચાર્ય મહારાજે કહ્યું, કે તેઓ આવું કશું સ્વીકારી શકે નહીં. એમ છતાં જો આપવું જ હોય તો પાંજરામાં પૂરેલાં પશુ-પંખીને મુક્ત કરો. ડાબર નામના બાર કોશના વિશાળ તળાવમાં હજારો જાળો નાખીને થતી માછીમારી બંધ કરાવો. પર્યુષણ પર્વના દિવસોમાં કોઈ પણ માનવી કોઈ પણ પ્રકારની હિંસા ન કરે તેવું ફરમાન કરો. વર્ષોથી કેદમાં પડેલા કેદીઓને મુક્ત કરો. શહેનશાહ અકબરે સૂરિજીની

આજ્ઞા પ્રમાણે કર્યું. તેમાં પણ પર્વાધિરાજ પર્યુષણ પર્વના આઠ દિવસમાં બાદશાહે પોતાના તરફથી વધુ ચાર દિવસો ઉમેરીને બાર દિવસ માટે જીવવધ બંધ કરવાનો હુકમ આપ્યો. વળી ગુજરાત, માળવા, અજમેર, દિલ્હી-ફતેહપુર, લાહોર અને મુલતાન સુધીના પોતાના સામ્રાજ્યમાં આ ફરમાન મોકલી આપ્યાં. એ જ રીતે ગિરનાર, તારંગા, શત્રુંજય, કેસરિયાજી, આબુ, રાજગૃહી અને સમેતશિખરજી જેવાં તીર્થોમાં આસપાસ કોઈએ જીવહિંસા કરવી નહિ એવું ફરમાન કર્યું. જગતના કલ્યાણની આવી ભાવના જોઈ વિ. સં. ૧૬૪૦માં શહેનશાહ અકબરે શ્રી હીરવિજયસૂરિને 'જગદ્‌ગુરુ'ની પદવી આપી.

ભારતીય ઇતિહાસમાં કલિકાલસર્વજ્ઞનું બિરુદ પામેલા જૈનાચાર્ય હેમચંદ્રાચાર્યનું વિશિષ્ટ સ્થાન છે. સમ્રાટ કુમારપાળે પોતાના આ ગુરુની પ્રેરણાથી અનેક અહિંસક કાર્યો કર્યાં. ઈ. સ. ૧૧૪૩માં પચાસ વર્ષની વયે પાટણમાં ગુજરાતના રાજવી તરીકે કુમારપાળ રાજ્યાભિષેક પામ્યા. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની પ્રેરણાથી એણે અહિંસાની ઘોષણા કરાવી, જે 'અમારિ ઘોષણા' તરીકે જાણીતી છે. વિશ્વની આ સૌપ્રથમ અહિંસાની ઘોષણા છે. સમ્રાટ કુમારપાળે એવી ધર્મઆજ્ઞા ફેલાવી કે, "પ્રજા એકબીજાનાં ગળાં કાપી ગુજરાન ચલાવે, એમાં રાજાનો દુર્વિવેક છે. જૂઠું બોલવું એ ખરાબ છે. પરસ્ત્રી-સંગ કરવો તે તેથી ખરાબ છે, પણ જીવહિંસા તો સૌથી નિકૃષ્ટ છે માટે કોઈએ હિંસા પર ગુજરાન ન ચલાવવું. ધંધાદારી હિંસકોએ હિંસા છોડવી અને તેમને ત્રણ વર્ષ સુધી ભંડારમાંથી ભરણપોષણ મળશે."



રાજા કુમારપાળે કંટકેશ્વરી દેવીને અપાતો પશુબલિ બંધ કરાવ્યો. 'અમારિ ઘોષણા' દ્વારા કુમારપાળે

કતલખાનાં બંધ કરાવ્યાં. પશુપીડા પર પ્રતિબંધ મૂક્યો અને ગુજરાતમાં જે જીવદયાની ભાવના જોવા મળે છે તેના પાયામાં હેમચંદ્રાચાર્યની પ્રેરણાથી રાજા કુમારપાળે કરેલાં કાર્યો કારણભૂત છે.

શેઠ જગડૂશાના સમયમાં દેવીને પ્રસન્ન કરવા માટે મંદિરનાં ૧૦૮ પગથિયાં પર ૧૦૮ પાડા રાખવામાં આવતા હતા અને તેમનો વધ થતો હતો. જગડૂશા પહેલા પગથિયે પોતે ઊભા રહ્યા અને બીજા પગથિયે પોતાના દત્તક પુત્રને ઊભો રાખ્યો. દેવી કોપાયમાન થયાં નહીં અને તેથી જગડૂશાની અહિંસાની ભાવનાનો વિજય થયો. આ જગડૂશાએ સતત ત્રણ ત્રણ દુષ્કાળમાં ગુજરાત, સિંધ, મેવાડ, દિલ્હી અને છેક કંદહારના રાજાને અનાજ આપ્યું હતું. ૧૧૫ જેટલી એમણે ખોલેલી દાનશાળામાં રોજ પાંચ લાખ માણસોને ભોજન આપવામાં આવતું. સતત ત્રણ વર્ષ ચાલેલા દુષ્કાળમાં ચાર કરોડ નવ્વાણું લાખ અને પચાસ હજાર મણ અનાજ ગરીબોને વહેંચ્યું અને સાડા ચાર કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો. એ સમયના રાજા-મહારાજાઓએ જગડૂશાને જગતના પાલનહારનું બિરુદ આપ્યું. અહિંસાની ભાવનાની બીજી બાજુ છે માનવકરુણા.



ઈ. સ. ૧૮૩૮માં જન્મેલા મોતીશા શેઠે મુંબઈમાં અપંગ અને રખડતાં પ્રાણીઓ માટે પાંજરાપોળ સંસ્થાનો પ્રારંભ કર્યો. આ પાંજરાપોળમાં ગાય, બળદ, ઘેટાં-બકરાં, કબૂતર વગેરે સારી રીતે જીવી શકે એવી વ્યવસ્થા કરી. રખડતા કૂતરાઓને મારી નાખવામાં આવતા હતા એના બદલે એવા કૂતરાઓની જાળવણી માટે અલાયદાં સ્થાનો ઊભાં કર્યાં.

આવી અહિંસાની ભાવનાનું ભવ્ય આકાશ રચાય છે મહાત્મા ગાંધીની પ્રવૃત્તિઓથી. સ્વાભાવિક રીતે જ એ સવાલ જાગે કે વિલાયતથી આવેલા બૅરિસ્ટર શ્રી મોહનદાસ કરમચંદ ગાંધીમાં જગતને અજવાળતું અહિંસાનું સૂક્ષ્મદર્શન પ્રગટ્યું હશે કઈ રીતે ? ગાંધીજીની વિચારસરણીમાં પ્રગટેલાં સત્યનિષ્ઠા, અનેકાંતદર્શન અને આધ્યાત્મિકતા એમને મળ્યાં હશે કઈ રીતે ? ગાંધીજીના જીવનકાર્યને ઘડનારા મૂળ સ્રોતને પારખવાનો પ્રમાણમાં ઓછો પ્રયાસ થયો છે. ગાંધીજી કહેતા હતા કે એમનો હવે પછી જન્મ નથી, કારણ કે એમનો મોક્ષ અવશ્ય થશે. ગાંધીજીમાં આવો મોક્ષવિચાર જગાડનાર હતા સૌરાષ્ટ્રમાં વવાણિયા ગામમાં જન્મેલા અધ્યાત્મપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજી.

ઈ. સ. ૧૮૯૧ની પાંચમી જુલાઈએ મહાત્મા ગાંધીજી બ્રિટનમાં બૅરિસ્ટર થઈને હિન્દુસ્તાન આવ્યા. તે દિવસે મુંબઈમાં શ્રીમદ્ના કાકાજી સસરા અને ભાગીદાર શ્રી રેવાશંકર જગજીવનના ભાઈ ડૉ. પ્રાણજીવનભાઈ મહેતાના નિવાસસ્થાને બૅરિસ્ટર મોહનદાસ ગાંધી ઊતર્યા હતા. શ્રીમદ્ રાજચંદ્ર પણ એ જ દિવસે આવ્યા. અહીં ગાંધીજી અને શ્રીમદ્નો પ્રથમ પરિચય થયો. ડૉ. પ્રાણજીવન મહેતા ગાંધીજી સાથે ઇંગ્લૅન્ડમાં હતા અને તેથી બંને વચ્ચે ગાઢ સંબંધ હતો. ગાંધીજીનો આ સંબંધ શ્રીમદ્ના દેહવિલય પર્યંત ચાલુ રહ્યો. ગાંધીજીનો એમની સાથે કોઈ વ્યાપારી સંબંધ નહોતો, પરંતુ એમની સાથે ઘનિષ્ઠ આત્મીયતા સધાઈ.



શ્રીમદ્ રાજચંદ્રના ચિત્તની સરળતાનો અને એમના ગૂઢ જ્ઞાનની પ્રભાવકતાનો ગાંધીજીને અનુભવ થયો. સૃષ્ટિનો આ સંયોગ કહેવાય કે ભગવાન

મહાવીરની તત્ત્વધારા શ્રીમદ્ રાજચંદ્રજીને મળી અને એમની પાસેથી એ વિચારધારા ગાંધીજીને પ્રાપ્ત થઈ. ગાંધીજીએ અહિંસા, સત્ય અને અનેકાંતની પ્રયોગભૂમિ પર પોતાનાં કાર્યો કર્યાં અને તેને પરિણામે નવયુગનો પ્રારંભ થયો.

એમની આધ્યાત્મિક પ્રેરણાને સહારે ગાંધીજીએ રાજકીય, આધ્યાત્મિક અને સામાજિક ક્રાંતિ કરી. મહાત્મા ગાંધીજીએ લખ્યું છે કે જ્યારે જ્યારે પોતે જીવનમાં "આધ્યાત્મિક ભીડ" અનુભવતા ત્યારે તેઓ શ્રીમદ્‌નો "આશરો" લેતા. મહાત્મા ગાંધીજી કહે છે, "ઘણા ધર્માચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે. પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈ(શ્રીમદ્ રાજચંદ્રજી)એ પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમનાં ઘણાં વચનો મને સોંસરાં ઊતરી જતાં."



"તેમની બુદ્ધિને વિશે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિશે તેટલું જ હતું. ને તેથી હું જાણતો હતો કે, તેઓ મને ઇરાદાપૂર્વક આડે રસ્તે નહિ દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો."

મહાત્મા ગાંધીજીને હિંદુ ધર્મમાં શંકા જાગી હતી. આવે સમયે તેઓને શ્રીમદ્ રાજચંદ્રજીનો મેળાપ થયો. આ મેળાપ ન થયો હોત તો કદાચ મહાત્મા ગાંધીએ હિંદુ ધર્મને બદલે અન્ય ધર્મ અપનાવ્યો હોત. આ વિશે સ્વયં ગાંધીજીના જ શબ્દો જોઈએ :

"હિંદુ ધર્મમાં મને શંકા પેદા થઈ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર) હતા. તેમની સાથે તો મને સરસ સંબંધ બંધાઈ ચૂક્યો હતો. તેમના પ્રત્યે માન હતું, તેથી

તેમની મારફતે જે મળી શકે તે મેળવવા વિચાર કર્યો.

"તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિંદુ ધર્મમાં મને જે જોઈએ તે મળે એમ છે, એવો મનને વિશ્વાસ આવ્યો." ગાંધીજી પ્રત્યેક શબ્દને બરાબર નાણીને પ્રયોજતા હતા. એમણે શ્રીમદ્‌ને પોતાના મિત્ર અને માર્ગદર્શક માન્યા હતા. આવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સ્વયં કહે છે :

"મારા જીવન પર શ્રી રાજચંદ્રભાઈનો એવો સ્થાયી પ્રભાવ પડ્યો કે, હું એનું વર્ણન કરી શકતો નથી. હું કેટલાંય વર્ષોથી ભારતમાં ધાર્મિક પુરુષની શોધમાં છું. પરંતુ એમના જેવા ધાર્મિક પુરુષ હિંદમાં હજુ સુધી મેં જોયા નથી. યુરોપના તત્ત્વજ્ઞાનીઓમાં હું ટૉલ્સ્ટૉયને પ્રથમ શ્રેણીના અને રસ્કિનને બીજી શ્રેણીના વિદ્વાન સમજું છું, પરંતુ રાજચંદ્રભાઈનો અનુભવ એ બંનેથી ચઢેલો હતો."



ભારતમાં શ્રીમદ્ રાજચંદ્રજીનો પ્રભાવ પડ્યા પછી એક વાર ટ્રેનમાં રસ્કિનનું 'અન ટુ ધ લાસ્ટ' વાંચ્યું અને ગાંધીજીના જીવનમાં પરિવર્તન આવ્યું. એ પછી ટૉલ્સ્ટૉય સાથે પત્રવ્યવહાર થયો અને ગાંધીજીને બળ મળ્યું, પરંતુ આ બધી જ ભાવનાઓ અને સંસ્કારો ગ્રહણ કરે એવી ભૂમિકા તૈયાર થઈ હતી શ્રીમદ્ રાજચંદ્રજીના મેળાપથી.

ગાંધીજી કહે છે કે દયાધર્મનું સરસ માપ શ્રીમદ્ રાજચંદ્રએ એમને આપ્યું હતું. અહિંસા, દયા, સત્યનિષ્ઠા જેવા પ્રશ્નો પર મહાત્મા ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્ર સાથે ચર્ચા કરીને માર્ગદર્શન મેળવ્યું હતું. આ સંદર્ભમાં શ્રીમદ્ રાજચંદ્રજી પાસેથી મહાત્મા ગાંધીજીને મળેલા જ્ઞાનના પ્રકાશનું ઘણું મહત્ત્વ છે.

શ્રીમદ્ સાથે ગાંધીજીનો પત્રવ્યવહાર બહોળો

હતો પરંતુ કમભાગ્યે આપણને માત્ર ત્રણ જ પત્રો ઉપલબ્ધ છે, છતાં ગાંધીજીની વિવિધ ધર્મો વિશેની અને ધર્મના મર્મ અંગેની તીવ્ર મથામણમાં શ્રીમદ્‌ના આ પત્રોએ એમને ધર્મપરિવર્તન કરતા અટકાવ્યા હતા. ગાંધીજીએ બૅરિસ્ટરની બુદ્ધિને છાજે તેવા વ્યાવહારિક-પારમાર્થિક અનેક પ્રશ્નો — આત્મા, ઈશ્વર, મોક્ષ, ધર્મ, પુનર્જન્મ, પશુઓ અને ઈસુ ખ્રિસ્ત વિશે — શ્રીમદ્ રાજચંદ્રને પૂછ્યા હતા.

એના ઉત્તરો શ્રીમદે પ્રજ્ઞા અને અનુભવજ્ઞાનથી આપ્યા હતા. શ્રીમદ્ અને ગાંધીજી વચ્ચેનો આ અભૂતપૂર્વ યોગ ભારત માટે, ભારતીય સંસ્કૃતિ માટે અને માનવજાત માટે અતિ મહત્ત્વપૂર્ણ અને ફળદાયી નીવડ્યો. એક જ સદીમાં બે મહાન વિભૂતિઓએ ભારતમાં – ગુજરાતની ધરતી પર અને સૌરાષ્ટ્રની ભૂમિમાં જન્મ ધારણ કર્યો તે કેવી ભવ્ય ઐતિહાસિક ઘટના કહેવાય ! બંને સત્પુરુષોએ માનવીય ગૌરવ પ્રસ્થાપિત કર્યું હતું.



ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા અને અન્યાય સામે અહિંસક જંગ કર્યો, તેનાં બીજ શ્રીમદ્ રાજચંદ્ર સાથેના સત્સંગમાં જોઈ શકાય છે. દક્ષિણ આફ્રિકામાં વિરોધીઓના લાઠીમાર સામે પણ ગાંધીજીની ક્ષમાભાવના પ્રગટ થતી રહી, તેનું મૂળ કારણ શ્રીમદ્ રાજચંદ્રજી પાસેથી મળેલો ક્ષમાભાવ છે. આમ શ્રીમદ્ રાજચંદ્ર ભાવનાઓ આપે છે અને ગાંધીજી એ ભાવનાઓને કાર્યાન્વિત કરે છે. શ્રીમદ્ પોતાના જીવનથી તત્ત્વદર્શન આપે છે અને ગાંધીજી પોતાના કર્મથી જીવનમાં સાક્ષાત્ કરે છે.

મહાત્મા ગાંધીજીએ અહિંસાને એક પ્રબળમાં પ્રબળ શક્તિ દર્શાવી અને પ્રચંડમાં પ્રચંડ શસ્ત્રો કરતાં

વધુ શક્તિશાળી બતાવી. એમણે કહ્યું કે સત્ય અહિંસા સિવાય બીજી કોઈ રીતે પ્રગટ થઈ શકે નહીં.

એમની આ અહિંસા એ કોઈ ભાવના નથી પરંતુ ગુણોની તાલીમ છે. જેનામાં અનેક ભાવનાઓનું સંગમતીર્થ સધાય એ જ અહિંસાપાલક થઈ શકે. કારણ કે એમની આ અહિંસા માત્ર માનવ કે પશુ પ્રત્યે સીમિત નથી, પરંતુ એમાં ઉચ્ચ કોટિની ત્યાગવૃત્તિ, ન્યાયી વર્તન, આત્માનું ભાન, દેહપીડા સહન કરવાની શક્તિ જેવા આંતરિક ગુણની આવશ્યકતા છે. તેઓ કહે છે કે જમીન જાય, ધન જાય, શરીર જાય તો પણ અહિંસાનો ઉપાસક એની પરવા કરે નહીં. આત્મબળ કેળવાય અભયથી. જગતના ઇતિહાસમાં મહાવીર, બુદ્ધ, રામ, ઈશુ ખ્રિસ્ત એ બધાએ એમના જીવનની શૈલીમાં અભય પ્રગટ કર્યો હતો. ભય કે મૃત્યુ એમને ચલિત કરી શકે તેમ નહોતાં ! અભય થયા વિના પૂર્ણ અહિંસાનું પાલન શક્ય નથી કારણ કે અહિંસાની તાલીમ માટે મરવાની તાકાત જોઈએ. મરવાની ઇચ્છા જેટલી તીવ્ર તેટલી મારવાની ઇચ્છા મોળી. માણસમાં મરવાની તાકાત પૂર્ણપણે આવી જાય તો તેને મારવાની ઇચ્છા થતી નથી અને માણસ કરુણામય બનીને મરે છે. ત્યારે મારનારનું દિલ પણ પલટાવી નાંખે છે.



અહિંસા અંગેની પહેલી શરત તરીકે ગાંધીજી જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ન્યાયી વર્તાવને આવશ્યક ગણે છે. આ ન્યાયી વર્તાવ એટલે કે દરેક પ્રકારના શોષણનો સંપૂર્ણ અભાવ. આત્મબળજનિત સહનશક્તિ દ્વારા બીજી વ્યક્તિના હૃદયનાં દ્વાર ખોલી શકાય છે, તલવારથી નહીં. ગાંધીજી ૧૯૩૧ની ૮મી ઑક્ટોબરના 'નવજીવન'માં નોંધે છે કે કષ્ટસહન એ જ માનવજાતિનો સનાતન વારસો છે. જ્યારે શસ્ત્રયુદ્ધ

એ જંગલનો કાયદો છે. આ જંગલના કાયદા કરતાં કષ્ટ સહન કરવાના કાયદામાં વિરોધીનો હૃદયપલટો કરવાની અનંતગણી શક્તિ જુએ છે. અહિંસાપાલન માટે આત્મબળને ગાંધીજી મહત્ત્વનું ગણે છે. અહિંસા એ આત્મબળ છે અને આત્મા અવિનાશી, અવિકારી અને શાશ્વત છે. પશુરૂપે માણસ હિંસક છે જ, આત્મારૂપે જ અહિંસક છે. આત્માનું ભાન થયા પછી એ હિંસક રહી શકે નહીં. અણુબૉંબ ભૌતિકબળની પરાકાષ્ઠા છે. અને તે ભૌતિક વિશ્વના વ્યય, ક્ષય અને નાશના નિયમને આધીન છે. ગાંધીજીની અહિંસા એ નિર્બળતા નથી પણ તેમાં માણસ પર નહીં પણ માણસની વૃત્તિ પર ફટકો મારવાની વાત છે. તેઓ દક્ષિણ આફ્રિકામાં જનરલ સ્મટ્સ સાથેના અનુભવને યાદ કરે છે. 'હરિજન બંધુ'ના ૧૯૩૮ની ૧૩મી ઑક્ટોબરના અંકમાં તેઓ નોંધે છે કે "મારા સૌથી કડવા વિરોધી અને ટીકાકાર તરીકે તેમણે શરૂઆત કરેલી. આજે મારા દિલોજાન મિત્ર છે." જનરલ સ્મટ્સ દક્ષિણ આફ્રિકાના ટ્રાન્સવાલ પ્રાંતના ગૃહપ્રધાન હતા. દક્ષિણ આફ્રિકાથી નીકળતા પહેલાં ગાંધીજીએ જેલમાં મજૂરીની સજા ભોગવી હતી, ત્યારે ચંપલની એક જોડ બનાવી હતી. તે એમણે સ્મટ્સને ભેટ આપી હતી.



આપણે જેને ચાહતા હોઈએ તેના પર પ્રેમ રાખવો તે અહિંસા નથી, પરંતુ જે આપણા પર દ્વેષ રાખતા હોય તેના પર પ્રેમ રાખવો તે અહિંસા છે. આથી જ ૧૯૪૬ની ૭મી જુલાઈએ 'હરિજન બંધુ'માં હિરોશિમા પર ફેંકાયેલા અણુબૉંબના સંદર્ભમાં ગાંધીજીએ કહ્યું, "અણુબૉંબની આ અત્યંત કરુણ ઘટનાથી વાસ્તવિક રીતે જે બોધ તારવવાનો છે, તે એ છે કે હિંસાનો જેમ પ્રતિહિંસાથી નાશ ન થાય,

તેમ એ બૉંબનો નાશ સામા બીજા વધારે વિનાશક બૉંબ બનાવવાથી થવાનો નથી. માણસજાતને હિંસામાંથી ઉગારવી હોય, તો અહિંસા સિવાય બીજો એકે માર્ગ નથી. દ્વેષને માત્ર પ્રેમથી જીતી શકાય. સામો દ્વેષ કરવાથી મૂળ દ્વેષનો વિસ્તાર અને ઊંડાણ જ વધે છે.

અહિંસાને તેઓ જગતનું સૌથી વધુ એવું સક્રિય પરિબળ ગણે છે. એમાં અન્યાય કે દુષ્ટતા આગળ પગ વાળીને બેસી રહેવાનું નથી. અહિંસાને તેજસ્વી અને જાગ્રત વસ્તુ ગણાવે છે. આ સંદર્ભમાં બેતીયા ગામમાં પોલીસ ઘરબાર અને બહેનોની લાજ લૂંટતી હતી ત્યારે લોકો નાસી ગયા. એ પછી ગામલોકોએ ગાંધીજીને કહ્યું કે તમે અહિંસક રહેવાનું કહ્યું હતું એટલા માટે અમે નાસી ગયા. આ સાંભળી ગાંધીજીનું માથું શરમથી ઝૂકી ગયું. એમણે ગામલોકોને ભારપૂર્વક કહ્યું કે મારી અહિંસાનો આવો અર્થ નથી. આ તો નામર્દાઈ કહેવાય. તમારા આશ્રય નીચેના માણસોને ઈજા કરવા તાકનાર સબળામાં સબળી તાકાતનો તમારે સામનો કરવો જોઈએ. વેર વાળવાની વૃત્તિ વિના જિંદગીને જોખમમાં મૂકીને બધી ઈજા તમારે સહન કરવી જોઈએ. જેઓ મરી જાણે છે તેમને જ હું અહિંસાના પાઠ શીખવી શકું, મરણથી ડરનારા લોકોને નહીં.



૧૯૦૮માં મીર આલમ નામના પઠાણે ગાંધીજી પર પ્રાણઘાતક હુમલો કર્યો ત્યારે એમના મોટા પુત્ર એમની સાથે નહોતા. એમના પુત્રએ એક વાર ગાંધીજીને પૂછ્યું, "જ્યારે તમારી ઉપર હુમલો થયો તે વખતે હું તમારી પાસે હોત તો મારી શી ફરજ હતી તે સમજવા માગું છું. તમે શીખવ્યું છે કે કોઈ આપણને મારે તો તેને સામું ન મારવું, તેમ એની

ઇચ્છાને વશ પણ ન થવું. આ કાયદો હું સમજું છું, પણ મારામાં એ પ્રમાણે વર્તવાની શક્તિ નથી. તમને મારતાં હું ન જોઈ શકું. તમારી ઉપર હુમલો થાય ત્યારે તમારો બચાવ કરવાની મારી ફરજ સમજું છું. પણ કેવળ મારીને તમારો બચાવ ન કરી શકું. તેથી કાં તો મારે તમને મારનારને મારીને બચાવ કરવો રહ્યો અથવા તો મારે તમારી ઉપર માર પડે તે જોયા કરવો અથવા ભાગી જવું ?" મેં તેને જવાબ આપ્યો, "તું ભાગી જાય અથવા તો મારો બચાવ ન કરે એ નામર્દાઈની નિશાની છે. જો તારાથી તારી જિંદગીને કેવળ જોખમમાં નાખીને મારો બચાવ ન થઈ શકે તો તારે જરૂર મારનારની સાથે લડીને બચાવ કરવો જોઈએ. નામર્દાઈ કરતાં તો પશુબળ વાપરવું વધારે સારું છે. આથી જ ગાંધીજી પોતે બોઅર લડાઈમાં જોડાયા હતા. ઝુલુના બળવા વખતે સરકારને મદદ કરી હતી અને ઇંગ્લૅન્ડને પણ લડાઈમાં મદદ કરી હતી. હિંદુસ્તાનમાં પણ સૈનિકોની ભરતી કરવામાં રોકાયા હતા. દુષ્ટતાના દુષ્ટતાથી થતા પ્રતિકારથી કેવળ દુષ્ટતામાં વધારો થાય છે. જ્યારે દુષ્ટતાનો અહિંસાથી થતો પ્રતિકાર વધુ સક્રિય અને સાચો છે. આને માટે ગાંધીજી આત્મબળના પ્રતિકારનો આંતરિક ગુણ કેળવવા પર ભાર મૂકે છે. અહીં બે મહત્ત્વની બાબતોનો વિચાર કરીએ ! એમણે કહ્યું કે હિંદના એકેએક અંગ્રેજોને મારી નાખવામાં આવે તો પણ હિંદુસ્તાનનું તલભાર પણ ભલું થશે નહીં. એને બદલે આપણે સારા હોઈશું તો અંગ્રેજો હરગિજ બૂરું કરી શકવાના નથી તેથી જ તેઓ આંતરિક સુધારણાને મહત્ત્વ આપે છે."



તેઓ કહેતા કે અહિંસા સાથે મારું લગ્ન અતૂટ છે. એ સ્થિતિમાંથી ચળવા કરતા હું આપઘાત વધુ

પસંદ કરું. ગાંધીજીની અહિંસાની વિભાવના એ માત્ર ધર્મ કે આત્મોન્નતિના ક્ષેત્રમાં સીમિત નહોતી. તેઓ કહે છે કે અહિંસા વ્યક્તિના સમગ્ર જીવનમાં વ્યાપવી જોઈએ અને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગટવી જોઈએ. અહિંસાની શક્તિનો પ્રયોગ બાળક, જુવાન, સ્ત્રી અને વૃદ્ધ બધાં જ કરી શકે છે. માત્ર એને માટે તેઓ બે શરત મૂકે છે. એક તો તેમનામાં પ્રેમસ્વરૂપ ઈશ્વર વિશે અવિચળ શ્રદ્ધા હોવી જોઈએ અને મનુષ્યમાત્રને માટે સમાન પ્રેમ હોવો જોઈએ. આ રીતે વ્યક્તિગત રીતે પળાતી અહિંસાને તેઓ સમાજમાં સદાચારના નિયમરૂપ બનાવે છે. આથી જ અહિંસા માત્ર વ્યક્તિગત ચિત્તશાંતિ કે મુક્તિને અર્થે આચરવાના એકાંતવિહારી સદ્‌ગુણ નથી, બલ્કે માનવીની પ્રતિષ્ઠા જાળવીને શાંતિની સ્થાપનાની ઝંખના માટે સદાચારરૂપ નિયમ પણ છે.

ગાંધીજીની આ અહિંસાની વિચારધારા અનેકાન્તવાદના વિચારથી ઘણી પ્રભાવિત હતી. ૧૯૨૫ના માર્ચના 'યંગ ઇન્ડિયા'માં તેઓ નોંધે છે કે – "હું એમ માનતો હતો કે મારો જ વિચાર સાચો છે અને મારા પ્રમાણિક ટીકાકારનો વિચાર ખોટો છે. પણ હવે હું સમજ્યો કે અમે બંને પોતપોતાના વિચારની અંદર બરાબર છીએ. આના પરિણામે મારા ટીકાકારો કે વિરોધીઓ પર આરોપ મૂકતો અટકી ગયો. આનાથી હું શીખ્યો કે મુસ્લિમની વાત એના દૃષ્ટિકોણથી અને શિખોની વાત એના દૃષ્ટિકોણથી જોવી જોઈએ." આમ ગાંધીજી કહે છે કે મારો અનેકાંતવાદ બે સિદ્ધાંતના આધારે રચાયેલો છે. અને તે બે સિદ્ધાંતો છે સત્ય અને અહિંસા.



ઔષધ માટે થતી પ્રાણીહત્યા કે ધર્મને નામે થતી હત્યાનો ગાંધીજી વિરોધ કરે છે. ઓછામાં

ઓછી હિંસા દ્વારા માનવી પોતાની ધર્મસાધના કરી શકતો હોય તો એણે પોતાની ધાર્મિક સાધનામાં હિંસાને સ્થાન આપવાની જરૂર નથી. જેમ કે ધાર્મિક પૂજા માટે જો પુષ્પ તોડ્યા વિના પણ ભક્તિ થઈ શકતી હોય તો ગાંધીજી ફૂલ તોડવાની વાત સ્વીકારતા નથી.

આજે અત્યંત પ્રસ્તુત લાગે તેવી એક બીજી મહત્ત્વની બાબત તરફ ગાંધીજી લક્ષ દોરે છે અને તે બધા સંપ્રદાયમાં પ્રવેશી ગયેલી હિંસા. અન્ય ધાર્મિક વર્ગની ભાવનાઓને દુભવવી, એમની ધાર્મિક માન્યતાઓની નિંદા કરીને એમનામાં વૈમનસ્યની વૃત્તિઓ જગાડવી. વળી ધર્મરક્ષાને નામે ધર્મ જેની મનાઈ ફરમાવતો હોય તેવું આચરણ કરવું. સંપત્તિ અને સત્તાના બળે સામી વ્યક્તિની ઇચ્છા વિરુદ્ધ સ્વમતનો પ્રચાર કરવો – આ બધી બાબતને ગાંધીજી હિંસાત્મક માને છે. ગાંધીજી કહે છે કે આવી હિંસાને કારણે થતાં ધાર્મિક યુદ્ધને પરિણામે દેશની શક્તિનો વ્યય અને વ્યક્તિનો સંહાર થાય છે, આથી દરેક સંપ્રદાયે બીજા સંપ્રદાય પ્રત્યે સમતા રાખવી જોઈએ, એટલું જ નહિ પણ અન્યના ધર્મને સ્વધર્મ સમાન આદર આપવો જોઈએ. વ્યક્તિએ ખરું કામ તો પોતાના ધર્મનાં ઉત્તમ તત્ત્વોને આચરણમાં મૂકવાનું કરવાનું છે, પણ આમાં ક્યાંય ધર્મપરિવર્તન કરાવવાની જરૂર નથી.



ગાંધીજીએ અહિંસાની બુનિયાદ પર સમગ્ર રાજનીતિનું ચણતર કરવાની વાત કરી. રાજ્યને સ્થિર, મજબૂત અને પ્રજાકલ્યાણલક્ષી બનાવવું હોય તો અહિંસાના સિદ્ધાંત પર ઘડાયેલી રાજનીતિ આવશ્યક જોઈએ. આમાં પહેલી શરત એ છે કે આવી રાજનીતિ પોતાના રાષ્ટ્રનાં સુખ-સમૃદ્ધિ માટે

કોઈ નિર્દોષ કે નિર્બળ રાજ્યને કચડી નાખવાનો લેશ પણ વિચાર કરતી ન હોય. એવી રાજનીતિ નહિ કે જે પોતાની પ્રજાને પૂર્ણ ન્યાય આપવા માટે બીજા રાષ્ટ્રને અન્યાય કરતી હોય. બીજા રાષ્ટ્રને નિર્બળ, પછાત રાખીને પોતાના વિકાસની રચના કરતી રાજનીતિ ગાંધીજીના મતે હિંસાયુક્ત છે. જ્યાં સુધી રાજનીતિ આવી હિંસાથી ભરેલી હશે ત્યાં સુધી ગમે તેટલા ઉમદા કાયદાઓ કરવામાં આવે તોપણ વિશ્વશાંતિ સર્જાશે નહિ. આનું કારણ એ છે કે સ્વાર્થી રાજનીતિને લીધે કેટલાક લોકોનાં હિતોને ધક્કો પહોંચશે. પરિણામે એમાંથી સંઘર્ષ અને હિંસા જાગશે.

આમ બીજા રાષ્ટ્ર પર આધિપત્ય મેળવવું કે એને નિર્બળ બનાવવું એ હિંસક રાજનીતિ છે. અહિંસક રાજનીતિ તો પોતાના રાજ્યની હિત-ચિંતા જેટલી જ બીજા રાષ્ટ્રનું પોતાના હાથે અહિત ન થાય તેની ફિકર રાખતી હોય છે. ગાંધીજી અહિંસાને એટલી શુદ્ધ માને છે કે આપણે રાષ્ટ્ર કે રાજ્યમાંથી બૂરાઈઓ દૂર કરીએ તો કોઈને પણ આપણા પર આક્રમણ કરવું પડે નહીં. આક્રમણ કરવાનું મૂળ કારણ શું ? શોષણ, પ્રતિઆક્રમણની તૈયારી, અતિ અધિકાર, આધિપત્યની ભાવના, સ્વરાષ્ટ્રના વિકાસની સંકુચિત સ્વાર્થી દૃષ્ટિ, નિર્બળતા વગેરે હોય છે. અહિંસક અભિગમની દૃષ્ટિએ વિચારીએ તો જે રાષ્ટ્ર આવી રાજનીતિ અપનાવે તે બીજાના આક્રમણનું લક્ષ્ય બનતું નથી.



આવી અહિંસક રાજનીતિના આધાર પર રાષ્ટ્રનિર્માણ કરવાના સમયે જ કોઈ એ રાષ્ટ્ર પર આક્રમણ કરે તો દરેક રાષ્ટ્રને સ્વરક્ષણનો અધિકાર છે. તેમાં કેટલી અહિંસા દાખવવી તે એની ઇચ્છા પર

નિર્ભર છે, પરંતુ આવે સમયે અહિંસક રાજનીતિ અપનાવનાર રાષ્ટ્ર શક્ય તેટલી ઓછામાં ઓછી હિંસાથી સામનો કરે તેમજ માનવતાનો નાશ થાય કે સામૂહિક કત્લેઆમ થાય તેવું કામ ન કરે. ગત વિશ્વયુદ્ધ દરમિયાન રાષ્ટ્રોએ આક્રમક રાષ્ટ્ર સામે કેવું વલણ લેવું અને કાર્ય કરવું તેની સૂચનાઓ ગાંધીજીએ આપી હતી. વળી રાષ્ટ્રની રક્ષા કરવી તે કર્તવ્ય છે એ જ રીતે રક્ષા કરવાની પણ મર્યાદા બાંધવી જોઈએ. આક્રમણ કરનાર રાષ્ટ્ર તરફ એવો અભિગમ ન હોવો જોઈએ કે જો અમે વિજયી થઈશું તો એ રાષ્ટ્રને નષ્ટ કરવાનો અમને અધિકાર છે. આવે સમયે ઓછામાં ઓછી બૂરાઈનો ઉપયોગ થવો જરૂરી છે. આ રીતે ગાંધીજીએ રાજનીતિમાં અહિંસાની વાત કરી.



આધ્યાત્મિક, ધાર્મિક અને રાજકીય અહિંસક નીતિ સાથે ગાંધીજીએ વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક જીવનને માટે પણ અહિંસાની વાત કરી છે. વ્યક્તિએ પોતાનું જીવન શક્ય તેટલું નિષ્પાપ રીતે અને જીવજંતુની અલ્પમાં અલ્પ હિંસા થાય તે રીતે ચલાવવા પ્રયત્ન કરવો જોઈએ. જૈનદર્શન કહે છે કે પરિગ્રહ તે હિંસાનો પિતા છે. ગાંધીજીએ પણ કહ્યું કે આવશ્યકતા કરતાં વધુ સંગ્રહ કરનાર હિંસાનો ઉત્પાદક બની જાય છે. આને માટે જીવનમાં ત્યાગ અને સંયમ જરૂરી છે. સદાચારી, ત્યાગમય અને બધાં પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ ધરાવનારું અહિંસક વ્યક્તિનું જીવન હોવું જોઈએ. પોતાની પવિત્રતાથી બૂરાઈઓ મટાડવાનો માણસમાં આત્મવિશ્વાસ જાગ્રત થવો જોઈએ. પોતાને નડતરરૂપ થતી બાબતનો માણસ નાશ કરે છે અને પોતાના જીવનને નિષ્કંટક બનાવવા માગે છે, પરંતુ એને એવી શ્રદ્ધા હોવી

જોઈએ કે હિંસા કરતાં પણ બીજાં એવાં સુંદર સાધનો છે જેના દ્વારા વ્યક્તિ પોતાનું જીવન વધુ સારી રીતે નિષ્કંટક બનાવી શકે છે.

અહિંસા મુખ્યત્વે ઉપદેશમાં રહી હતી. ગાંધીજીએ એનો વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક, રાજકીય, ધાર્મિક અને આધ્યાત્મિક પ્રયોગ કરી બતાવ્યો.

વ્યક્તિનાં વિચાર, વચન અને આચારની પાછળ એનો હિંસક હેતુ હોય તો તે હિંસા છે પરંતુ કટુ સત્ય લખવું એમાં કોઈ હિંસા નથી. આ રીતે ગાંધીજી આત્મબળ, અન્યાય સામે અવાજ અને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં રહેલા હિંસક બળ સામે અહિંસક જંગ ખેલવાની વાત કરે છે.

૧૯૩૧ના ૧૫ ઑક્ટોબરના 'નવજીવન'માં તેઓ નોંધે છે, "તમે તો કહેશો જ કે અહિંસક બળવો થઈ જ ન શકે અને ઇતિહાસમાં એવો બળવો કદી જાણ્યો નથી. પણ મારી મહત્ત્વાકાંક્ષા તો એવું દૃષ્ટાંત પૂરું પાડવાની છે. અને હું એ સ્વપ્નું સેવી રહ્યો છું કે મારો દેશ અહિંસા દ્વારા સ્વતંત્રતા મેળવે. અને હું આખા જગતને અસંખ્ય વાર કહેવા ઇચ્છું છું કે અહિંસાને જતી કરીને હું મારા દેશની સ્વતંત્રતા નહીં મેળવું."



ભગવાન મહાવીરના સમયમાં યજ્ઞ અને ભોજન બંનેમાં જીવહિંસા થતી હતી. મહાત્મા ગાંધીજીના સમયમાં ઉદ્યોગીકરણ દ્વારા પેદા થતા ગંજાવર માલમાં ભીષણ હિંસા પડેલી હતી. પ્રદૂષણ હિંસા છે. આ અહિંસા-દર્શનમાંથી જ સ્વદેશી ધર્મ અને સત્યાગ્રહ આવે છે. જીવનનાં બધાં ક્ષેત્રોમાં – આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં – અહિંસા

પ્રગટવી જોઈએ કારણ કે અહિંસા એ સાર્વભૌમ ધર્મ છે. આથી યુદ્ધનો ધર્મ પણ અહિંસા છે અને આ અહિંસાથી આવું યુદ્ધ લડી શકાય અને જીતી શકાય એ ગાંધીજીએ સાબિત કર્યું. યુદ્ધથી ત્રસ્ત વિશ્વ, અણુશસ્ત્રોથી આતંકિત દુનિયા અને આતંકવાદમાં ખૂંપેલા જગત શાંતિ માટે મહાત્મા ગાંધી તરફ જુએ છે.

સામાન્ય માનવી, સમાજ કે પ્રજા પોતાના પર થતા અન્યાયનો સામનો કઈ રીતે કરી શકે ? શસ્ત્ર, શક્તિ એ તો રાજ્યશક્તિ પાસે છે ત્યારે આવા અન્યાય સામે નિઃશસ્ત્ર કેવી રીતે લડે ? એનો જવાબ ગાંધીજીએ આપ્યો અહિંસક સત્યાગ્રહ વડે. અહિંસક સત્યાગ્રહ એ ઍટમબૉંબ સામે ગાંધીનો આત્મબૉંબ છે.



૧૯૪૯ના શિયાળામાં રવિવારની બપોરે એક આફ્રિકન-અમેરિકન સ્ટુડન્ટ ફિલાડેલ્ફિયામાં મહાત્મા ગાંધીજી વિશે પ્રવચન સાંભળવા આવ્યો. એણે જાણ્યું હતું કે ભારતની આઝાદી માટે મહાત્મા ગાંધીજીએ લાંબું અહિંસક આંદોલન ચલાવ્યું હતું અને અહિંસક પ્રતિકારની સત્યાગ્રહ નામની પદ્ધતિ અજમાવી હતી. આ પ્રવચનમાં વર્ણવાયેલી મહાત્મા ગાંધીની અહિંસક સત્યાગ્રહની ભાવનાનો યુવાન માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર પર ઊંડો પ્રભાવ પડ્યો અને છ વર્ષ બાદ એ જ સત્યાગ્રહની ભાવના લઈને એણે રંગભેદ સામે અવાજ ઉઠાવ્યો. એણે શાંતિકૂચ કરી. ઘણા લોકોએ એના પર હિંસક હુમલા કર્યા પરંતુ માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર એની વિભાવનામાં મક્કમ રહ્યા. ગાંધીજી અને કિંગે

પોતાનું જીવન શાંતિભર્યા માર્ગોની શોધમાં ગાળ્યું. પરંતુ હિંસાએ બંનેનો ભોગ લીધો. ગાંધીજીની માફક માર્ટિન લ્યૂથર કિંગની હત્યા પ્રત્યે આખા વિશ્વએ વેદના પ્રગટ કરી.

ગાંધીજીની આત્મકથાનો પ્રભાવ ૧૯૮૦નું નોબલ પારિતોષિક મેળવનારા *'Adolfo P'erez Esquivel'* પર પડ્યો. એણે ગાંધીજીની ગ્રામ-સ્વાવલંબનની કલ્પના સાકાર કરી. જ્યારે ગાંધીજીની આત્મકથાનો પ્રભાવ ૧૯૯૧નું નોબલ પારિતોષિક મેળવનાર *'Aung San Suu Kyi'* પર પડ્યો. ૧૯૬૦માં એની માતા સાથે દિલ્હી આવેલી સૂ કીએ દિલ્હીની પ્રાઇવેટ સ્કૂલમાં અભ્યાસ કર્યો. અહીં એણે મહાત્મા ગાંધીજીની તમામ પ્રકારનાં અનિષ્ટો સામે લડવાની પદ્ધતિનો અભ્યાસ કર્યો. પચીસ વર્ષ બાદ સૂ કીએ એ જ અહિંસક અસહકાર દ્વારા બર્મામાં લોકશાહીની સ્થાપના માટે પ્રયાસ કર્યો.



અહિંસાને પૂર્વ અને પશ્ચિમ એવો ભેદ નથી. અહિંસા આખા વિશ્વની છે અને સમગ્ર વિશ્વે મળીને પૃથ્વીના ગ્રહ પર માનવીનું જીવન સુખી બનાવવા પ્રયાસ કરવો પડશે. માનવજાતની વિવેકપૂર્ણ પ્રગતિ અને આધ્યાત્મિક ઊર્ધ્વગમનને માટે પ્રયાસ કરવો પડશે અને તેનું મુખ્ય પરિબળ અહિંસા બની રહેશે. અહિંસાએ ક્યારેય પ્રેમનો માર્ગ છોડ્યો નથી અને અન્યાયનો સામનો કરવામાં નિર્બળતા દાખવી નથી. આ જ અહિંસક અભિગમની સૌથી મોટી મહત્તા છે. આતંકવાદ, હત્યા, હિંસા જેવાં અનિષ્ટો સામે સતત જંગ ખેલવો જરૂરી છે અને આના માટે જ ગાંધીજીએ સત્યાગ્રહ આપ્યો. જેમાં વિરોધીના હૃદયની કટુતા ઓગાળીને એનામાં રહેલા પ્રેમ અને

શુભભાવને જગાડવાનો પ્રયાસ કરવામાં આવે છે.

અહિંસા એ નેગેટિવ કે નિષેધાત્મક નથી. અહિંસાનો વિધાયક અર્થ છે સમગ્ર વિશ્વ માટે, સચરાચર માટે પ્રેમ. એનો પાયો છે આત્મભાવ. જેવો મારો આત્મા એવો અન્યનો આત્મા. આત્માનું આત્મા સાથે મિલન થાય ત્યારે અહિંસાનું અદ્વૈત સધાયેલું જોવા મળે છે.

ભગવાન મહાવીરથી મહાત્મા ગાંધી સુધીની અહિંસાની યાત્રાનો દોર માર્ટિન લ્યૂથર કિંગથી મંડેલા સુધી ચાલુ રહ્યો છે.

આપણા જીવનમાં, સમાજમાં, રાષ્ટ્રમાં અને વિશ્વમાં અહિંસાની પ્રતિષ્ઠા કરી ૨૧મી સદીને અહિંસાની સદી બનાવીએ. આ જગતને હિંસા, યુદ્ધ, આતંક અને રક્તપાતથી બચાવવા માટે અને વિશેષ તો માનવીની 'માનવ' તરીકેની ગુણગરિમા જાળવવા અને સમગ્ર જાતિના અસ્તિત્વને ટકાવવા માટે અહિંસા વર્ષે અહિંસક વિચારધારા, જીવનપદ્ધતિ, રાજ્યપદ્ધતિ અને ધર્મપદ્ધતિનું અનુસરણ કરીએ.



❑

૨૦૦૨ની ૨૫મી એપ્રિલ અને ગુરુવારે મહાવીર જયંતિના દિવસે અમેરિકાના ન્યૂયૉર્ક શહેરમાં આવેલા યુનાઈટેડ નેશન્સના ચેપલમાં વિવિધ ધર્મોના અગ્રણીઓની ઉપસ્થિતિમાં "Jain Impressions – Bhagwan Mahavir to Mahatma Gandhi" વિશે આપેલા વક્તવ્યનો આ ગુજરાતી અનુવાદ છે.

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ દ્વારા જૈનદર્શનના અભ્યાસી અને લેખક સ્વ. શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહની પુણ્યસ્મૃતિમાં પ્રતિવર્ષ જૈનદર્શનની એક પુસ્તિકા પ્રગટ કરવામાં આવે છે અને દર બે વર્ષે જૈન ધર્મને અનુલક્ષીને એના દર્શન, આચાર, શિલ્પ, સ્થાપત્ય, સાહિત્ય, સંશોધન, તત્ત્વજ્ઞાન જેવા વિષયમાં પ્રકાશિત ઉત્તમ પુસ્તકના લેખકને **'શ્રી ધીરજલાલ ધ. શાહ સુવર્ણચંદ્રક'** એનાયત કરવામાં આવે છે. આ બંને પ્રવૃત્તિમાં અમને આદરણીય શ્રી **કમળાબહેન ર. સુતરિયા**નો કીમતી સહયોગ સાંપડ્યો છે.

આતંકવાદથી ઘેરાયેલા આ વિશ્વને આજે સૌથી વધુ આવશ્યકતા છે અહિંસાની, ત્યારે આ પુસ્તિકા ઉપયોગી બનશે.

• **પ્રકાશક** •